# ચોમાસામાં રખડતા ઢોરોના રસ્તાઓ પર અડિંગા

**મુખ્ય અન્ય આંતરિક રસ્તાઓ પર ગાયોનું ટોળું અડ્ડો જમાવીને બેસતાં વાહન ચાલકોમાં અકસ્માત નો ભય**






ગાંધીનગર, તા. ૯

ચોમાસુ શરૂ થતાં જ ગાંધીનગરમાં રસ્તાઓ પર રખડતા ઢોરો ખાસ કરીને ગાયોનો ત્રાસ વધી ગયો છે. શહેરના આંતરિક અને જાહેર માર્ગો પર ગાયોનો અડિંગો અકસ્માત નોતરશે.પશુપાલકો દ્વારા ચોમાસાની ઋતુમાં ગાયોને રખડતી છોડી દેવામાં આવે છે. ત્યારે આવા લોકો સામે નગરપાલિકા પગલાં લે તે જરૂરી બની ગયું હોવાનું જાગૃત નાગરિકો જણાવી રહ્યા છે.

દર વર્ષે ચોમાસુ શરૂ થતાંની સાથે જ શહેરના રસ્તાઓ રખડતા ઢોરોના અડ્ડા બની જતાં હોય છે. ચોમાસાની ઋતુમાં વધુ ભાર ઉઠાવવો ન પડે તે માટે પશુપાલકો ગાયોને છોડી મૂકે છે. આવી ગાયો શહેરમાં કચરાઓના ઢગલાઓમાંથી પોતાનો ખોરાક મેળવતી હોય છે અને તેમાં પ્લાસ્ટીક થી લઈ અનેક પ્રકારની જોખમી વસ્તુ ગાયના પેટમાં જતી હોય છે. પશુપાલકોએ ગાયોને છૂટી મૂકી દીધી હોય તે શહેરના રસ્તાઓ પર અડિંગો જમાવી દે છે. જેના કારણે રોડ પરથી પસાર થતાં વાહન ચાલકોને પણ ભારે હાલાકી વેઠવી પડે છે. રાત્રિના સમયે અંધકારમાં રોડની વચ્ચોવચ બેઠેલી ગાયો અને અન્ય પશુ નજરે નહીં પડતાં વાહન ચાલકોને તેની સાથે અથડાઈ જવાનો ભય રહેલો છે.

સેક્ટર ૨૧ ના મુખ્ય માર્ગો પર, સેક્ટર ૨૪ ના માર્ગ પર ઉપરાંત મુખ્ય અન્ય આંતરિક રસ્તાઓ પર ગાયોનું ટોળું અડ્ડો જમાવીને બેસી રહે છે. થોડા થોડા અંતરે ગાયોનું ટોળુ રોડ પર બેઠેલું નજરે પડતું હોય છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યા પેદા થઈ રહી છે. જાગૃત નાગરિકો દ્વારા અનેક વખત રજૂઆત છતાં નગરપાલિકા દ્વારા રખડતા ઢોરોને પકડવાની કોઈ કાર્યવાહી હાથ ધરવામા આવતી નથી કે પશુપાલકો સામે પણ કોઈ પગલાં લેવાતા નથી. અને છેલ્લે પ્રજાએ જ બધુ ભોગવવું પડી રહ્યું છે.

ખુલ્લા મેદાનોમાં ફરતી ગાયો રસ્તા પર ચોમાસા દરમિયાન જોવા મળે છે કારણ કે મેદાનોમાં પાણી અને ગંદકી સર્જાઈ જતી હોય છે તેવામાં ગાયો રસ્તા પર આવી ને બેસી જાય છે પરંતુ પશુપાલકો એ પણ આ બાબતે ધ્યાન રાખવું જોઈએ અને ગાયો ને યોગ્ય જગ્યા પર બંધી રાખવી જોઈએ.આ રીતે ચોમસમાં રસ્તાઓ પર અડિંગા જમાવીને બેસતાં લોકો હેરાન થઈ રહ્યા છે.ક્યાંક ગંભીર અકસ્માત ન સર્જાઈ જાય તેવી પણ ભીતી રહે છે.

## જીઆઈડીસીથી કોલવડા માર્ગ પર કેમિકલયુક્ત દુષિત પાણી છોડાયું

**રોડ પર કેમિકલયુક્ત ફીણના ગોટેગોટા ઉડ્યા : ખેતરની સબ કેનાલમાં કેમિકલવાળું પ્રદુષિત પાણી ભળી જતા ખેડૂતોમાં રોષ : પ્રદુષણ ફેલાવતા એકમો પર અંકુશ સાધવો જરૂરી**



ગાંધીનગર, તા. ૦૯

એક સમયે ગાંધીનગર તેના સ્વચ્છ પર્યાવરણને કારણે જાણીતું બન્યું હતું પરંતુ છેલ્લાં કેટલાંક સમયથી શહેરમાં વૃક્ષોના બેફામ નિકંદન તેમજ ઉદ્યોગોના વધી રહેલા વિકાસ પર પર્યાવરણ જાળવણીનું અંકુશ ના હોવાને કારણે આ શહેર પણ અન્ય મોટા શહેરોની જેમ વિવિધ સમસ્યા ઓનો સામનો કરી રહ્યું છે. આજે ગાંધીનગરના કોલવડા ગામ તરફ જતા માર્ગ ઉપર જી આઈ ડીસીમાંથી કોઈ ફેકટરીમાંથી કેમિકલવાળુ પ્રદુષિત પાણી કેનાલમાં છોડવામાં આવ્યું હતું. આ કારણે કોલવડા તરફના માર્ગે ફીણના ગોટેગોટા ઉડવા લાગ્યા હતા અને નજીકના ખેતરની સબ કેનાલમાં કેમિકલવાળું પ્રદુષિત પાણી ભળી જતા આ વિસ્તારમાં ખેડૂતોમાં રોષ પ્રસરવા પામ્યો છે. ગાંધીનગરના કોલવડા રોડ પર આવેલી જીઆઈડીસીમાંથી કોઈ ફેક્ટરીમાંથી છીડવામાં આવેલા કેમીકલને કેમિકલ વાળા દુષિત પાણીને કારણે ચોતરફ તીવ્ર દુર્ગંધ પણ ફેલાઈ હતી અને આ વિસ્તારમાં રોગચાળો વધવાની શક્યતા પણ જોવાઈ રહી છે. અગાઉ પણ આ પ્રકારની સમસ્યા સર્જાઈ હતી અને ફરી એકવાર કેમીકલયુકત પાણી છોડવામાં આવતા તંત્રની બેજવાબદાર નીતિને કારણે ગ્રામજનોમાં રોષ વ્યાપી ગયો છે. કોલવડા ગામના ગ્રામજનોએ રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે છેલ્લાં કેટલાક સમયથી જીઆઈડીસીમાંથી કેટલીક ફેકટરીઓમાંથી કેમિકલયુક્ત દુષિત પાણી છોડવાની ઘટનાઓ વધી જવા પામી છે જેનાં કારણે સમગ્ર વિસ્તારમાં પ્રદુષિત બની જવા પામ્યો છે. સત્વરે આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃતિ બંધ કરાવવા કડક હાથે કાર્યવાહી કરાય તે જરૂરી છે.

## સે.૨૬માં આંતરિક રિંગ રોડ પર મિલ્ક વાન સહીત વાહનો ફસાયા..!!




ગાંધીનગર, તા. ૦૯

ગાંધીનગરમાં આ ચોમાસુ પારાવાર મુશ્કેલીઓ લઈને આવ્યું છે. શહેરમાં વિવિધ પાઈપલાઈન નાખવાના કાર્યો અંતર્ગત કરવામાં આવેલા ખોદકામ પછી માટી પુરાણના કાર્યમાં બેદરકારીને લીધે વરસાદી વાતાવરણમાં જ્યાં જુઓ ત્યાં ભુવા પડવાની સમસ્યા સર્જાઇ રહી છે. અત્યારે શહેરના માર્ગો પર વાહન લઈને પસાર થવું અત્યંત જોખમી બની ચૂક્યું છે. આજે સવારે શહેરના સેક્ટર-૨૬માં આંતરિક રીંગરોડ પર એક મોટી મિલ્ક વાન સહિત ઘણા બધા વાહનો ફસાયા હતા. સેક્ટરના આંતરિક માર્ગો પર આ પ્રકારની જોખમી સ્થિતિથી નાગરિકો ખૂબ જ ચિંતાજનક સ્થિતિમાં મુકાયા છે.

## સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા ગીફટસીટીની મુલાકત યોજાઇ



ગાંધીનગર, તા. ૦૯

ગત શુક્રવારે (તા.૭.૭.૨૩) ના રોજ, સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના અર્થશાસ્ત્ર અને કોમર્સ વિષયના વિદ્યાર્થીઓને, ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે, તાજેતરમાં આકાર પામેલ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)ની રિમોટ રિજિયોનલ ઓફિસની ફિલ્ડ વિઝીટ પર લઈ જવામાં આવેલ. BSE નાં અધિકૃત ટ્રેઈનર શ્રી મહેશ પંડ્યા દ્વારા શેર બજારમાં રોકાણ સંબંધિત રસપ્રદ અને વ્યવહારું સૂચનોથી સભર માર્ગદર્શન સેશન તેમજ શેર બજારની કામગીરીનું પ્રત્યક્ષ નિદર્શન કરાવવામાં આવેલ. આ સહશૈક્ષણિક પ્રવૃત્તિમાં સંસ્થાના ૫૨ વિદ્યાર્થીઓ અને ૪ અધ્યાપકો સામેલ થયા હતા. પ્રત્યક્ષદર્શી મુલાકાતે વિદ્યાર્થીઓને બહુ રોમાંચિત કર્યા હતા, આ ઉત્સાહસભર પ્રવૃત્તિના સમગ્ર આયોજન અને સંકલનમાં સંસ્થાના આચાર્ય ડો. રાજેશ મહેતા અને કોમર્સ વિભાગના અધ્યક્ષ ડો.લલિતા સોલંકીનું યોગદાન મહત્વનું રહ્યું, તેમજ સંસ્થાના અધ્યાપકો ડો. એન. એન. પટેલ, ડો.કૃષ્ણવીરસિંહ ઝાલા અને ડો. મનીષા રબારીના સહયોગથી આ કાર્યક્રમ સફળ રહ્યો.

## સે.૪ના બગીચાના તૂટેલા દરવાજાને કારણે રખડતી ગાયોને જલસા...!!!



ગાંધીનગરમાં વિવિધ સેક્ટરના બગીચાઓનું નવીનીકરણ કરવામાં આવ્યું છે તે અંતર્ગત શહેરના સેક્ટર-૪માં પણ જાહેર બગીચાનું નવનિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે આ નવનિર્મિત બગીચામાં મુખ્ય દરવાજો તૂટી જવા પામ્યો છે જેના કારણે રખડતી ગયો બગીચામાં ચરવા માટે ઘુસી જાય છે અને બગીચાને નુકસાન પહોંચાડે છે જેથી સત્વરે આ બગીચાનો દરવાજો રીપેર કરવામાં આવે તેવી આ વિસ્તારના નાગરિકોમાં માંગ પ્રવર્તી રહી છે.

## નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વિમેન્સ સાયન્સ ક્લબ શરૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૦૯

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર વિજ્ઞાન અને ટેકનોલોજી ના પ્રચાર અને પ્રસારનું કામ કરે છે.

સમાજમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તથા લોકો વૈજ્ઞાનિક દ્રષ્ટિ કોણ થી વિચારતા થાય તે પ્રકારના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.

ગુજકોસ્ટ પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા બાળકો માટે ચિલ્ડ્રન સાયન્સ ક્લબ, એસ્ટ્રોનોમિ ક્લબ, ઈકો ક્લબ જેમ હવે મહિલાઓ માટે વિમેન્સ સાયન્સ ક્લબ શરૂ કરવામાં આવનાર છે. આ ક્લબમાં ૩૦ થી ૫૦ વર્ષની વયના વિજ્ઞાનમાં રસ ધરાવતા બહેનોને જોડવામાં આવશે. આ ક્લબ બનાવવાનો ઉદ્દેશ્ય એ છે કે વર્ષ દરમિયાન મહિલાઓ માટે અલગ અલગ વિજ્ઞાન લક્ષી કાર્યક્રમો યોજવામાં આવશે જે તેમને તથા બાળકોને કારકિર્દી ઘડતરમાં ઉપયોગી બનશે.

આ ક્લબ દ્વારા મહિનામાં એક કાર્યક્રમ યોજાશે જેમાં આરોગ્ય લક્ષી,પોષણ અને આહાર, ઘરમાં ઉર્જા બચત, પોતાના સંતાનોની કારકિર્દી ઘડતર માટે શું કરી શકાય, ખોરાકમાં ભેળ શેળ ચકાસણી તેમજ સાયન્સ સીટી અને અન્ય વૈજ્ઞાનિક ઈન્સ્ટિટયૂટની મુલાકાત જેવા રસપ્રદ કાર્યક્રમો યોજવામાં આવશે. હાલમાં વ્યવસ્થા ના ભાગરૂપ કન્વીનર તરીકે મીતાબેન ભટ્ટ તથા સહકન્વીનર તરીકે દીપિકાબેન વાઘેલા આ કલબની જવાબદારી સંભાળશે રસ ધરાવતી બહેનોને આ કલબમાં જોડાવા માટે મોબાઈલ નંબર-૯૪૨૬૬૩૫૨૧૫૨ પર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

## સે-૨૧માં રસ્તાઓ બિસ્માર બન્યા અને પાણી ભરાયાં

**આંતરિક રસ્તાઓ પર ખાડા અને પાણી ભરાયાં હોવાથી વાહન ચાલકોને હાલાકી**



ગાંધીનગર, તા. ૦૯

ગાંધીનગર માં સેક્ટર ૨૧ ખાતે વરસાદી પાણી થી ઠેર ઠેર પાણી ભરાઈ જવાના દ્રશ્યો સર્જાયા છે.રસ્તાઓ પર પાણી જ પાણી જોવા મળી રહ્યું છે.રસ્તાઓ તૂટીને બિસ્માર બની ગયા છે.વરસાદી પાણી ને કારણે કાદવ કીચડ ના દશ્ય સર્જાયા છે અને વાહન ચાલકોને હાલાકી ભોગવવી પડે છે. પ્રિ મોન્સુન કામગીરીના અભાવ ને ખાડા અને કાદવ કીચડ સાથે ભૂવા પડી રહ્યા છે. શહેરમાં મ્યુનિ.કોર્પોરેશન દ્વારા દર વર્ષે ચોમાસા પહેલા જ વરસાદી સ્થિતિને પહોંચી વળવા માટે પ્રિ-મોન્સુન પ્લાન બનાવવામાં આવતો હોય છે. મ્યુનિ. દ્વારા ચોમાસા દરમિયાન વરસાદી પાણીના નિકાલ તેમજ રસ્તા પર મોટા ખાડાં અને ગાબડા પુરવા સહિતની કામગીરી માટે પ્રિમોન્સુન પ્લાન તૈયાર કરીને તેના ચૂસ્ત અમલનો ઢોલ પિટવામાં આવ્યો હતો પરંતુ આ વખતે પણ મધ્યમ વરસાદથી જ આ પ્લાન ધોવાઈ ગયો હતો. શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ જતાં લોકોને દર વર્ષની જેમ આ વર્ષે પણ પરેશાની વેઠવી પડી છે. જેમાં શહેરમાં અમુક વિસ્તારોની હાલત કફોડી જોવા મળી હતી. આ ભરાયેલા પાણી મરછરોનો ઉપદ્રવ વધારશે તેવી દહેશત છે.સેક્ટર ૨૧ માં બજારોમાં પણ ગંદકી સર્જાઈ છે સાફ સફાઈ નો અભાવ જોવા મળી રહ્યો છે.અને ગંદકીને કારણે દુર્ગંધ ફેલાઈ રહી છે. સેક્દટોર ૨૧ માં મોલ પાસે ખાડારાજ અને પાણી ભરાયાં છે.જેના કારણે વાહનોને પાર્કિંગ કરવા મટે સમસ્યા સર્જાઈ છે.રજા ના દિવસોમાં વાહનો ની સંખ્યા વધતા રસ્તાઓ પર ભીડ જોવા મળે છે. દર વર્ષે અહીંયા આવા દ્રશ્યો સર્જાયા છે તેમ છતાં કોઈ યોગ્ય કામગીરી કરાઈ રહી નથી.અને આ વર્ષે પણ લોકો કાદવ કીચડ અને ખાડા રાજ માં હેરાન બની રહ્યા છે.



પૂર્વ કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તેમજ હેતલબેન અમીન દ્વારા બહેનો દ્વારા ઉત્પાદિત હસ્તકલાની ચીજવસ્તુઓનુ પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ. હસ્તકલાની કલાત્મક ચીજવસ્તુઓ બનાવનાર બહેનોને પ્રમાણપત્ર અને એવોર્ડ આપી તેમની કલાનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. વોર્ડ નં. ૮ ના કાઉન્સીલર સુશ્રી છાયાબેન ત્રિવેદીએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

## કોલવાડા પ્રાથમિક શાળામાં નિવૃત્તિ વિદાય સમારોહ



જય અંબે પગપાળા સંઘ કોલવડા ગાંધીનગરના કાયમી સભ્ય એવા શ્રીમતી અરુણાબેન કે વ્યાસ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી ગાંધીનગર ખાતે સંશોધન મદદનીશ તરીકે ફરજ બજાવતા હતા અને તેઓ તારીખ ૩૦ જુન ૨૦૨૩ ના રોજ વય નિવૃત્ત થતા તારીખ ૭ જુલાઈ ૨૦૨૩ ના રોજ સદસ્ય ભોજનાલય સેકટર-૨૧ ગાંધીનગર ખાતે તેઓના તરફથી ફેરવલ રાખેલ હતી તે પ્રસંગે અંબાજી પગપાળા સંઘના સભ્યશ્રીઓ ૧. શંકરસિંહ એસ ગોહિલ સિનિયર એડવોકેટ અને પૂર્વ બાર કાઉન્સિલ ગાંધીનગરના પ્રમુખશ્રી, ૨. હિતેશ એન રાવલ ગાંધીનગર જીલ્લા સરકારી શ્રી એડવોકેટ, ૩. પ્રદિપસિંહ પી વાઘેલા વિદ્યાલય લાબ્રેરી એડવોકેટ, ૪.મતી વસંતબા કે વાઘેલા ૫.મતી હંસાબેન પી રાઠોડ અને વાઘેલા રણજીતસિંહ જીવણજી જય અંબે ઉપસ્થિત રહ્યા હતા અને મતી અરુણાબેન વ્યાસનું ફુલહાર અને સાલ ઓઢાળી તેઓનું સન્માન કરવામાં આવેલ હતું અને વડીલ એવા શંકરસિંહ ગોહિલ અને હિતેશ રાવલે તેઓને આશીર્વાદ આપેલ અને તેઓની નિવૃત્તિ પછીનું જીવન સુખ સમૃદ્ધિ અને તંદુરસ્ત રહે તેવી માતાજીની પ્રાર્થના કરેલ હતી તેમજ જય અંબે પગપાળા સંઘ અને મહાકાલી મહાપ્રસાદ સેવા કેન્દ્રમાં તેઓએ આપેલ સેવાઓને બિરદાવી હતી

## અમદાવાદ/ગાંધીનગર કચ્છી નવા વર્ષનું સ્નેહમિલન



ગાંધીનગર, તા. ૯

તા. ૨-૭-૨૦૨૩ રવિવારના રોજ અમદાવાદ ઘટકનો એક હિસ્સો ગણાતુ ગાંધીનગરની આસપાસના લોકો માટે કચ્છી નવા વરસ (અષાઢી બીજ)ને ધ્યાનમાં રાખીને એક સ્નેહમિલન સાથે સમુહ ભોજન, કચ્છી ભોજન દેશી ઘીની લાપસી અને દેશી ચણાનું શાક સાથે બીજુ ઘણુ બધુંનું આયોજન કરવામાં આવેલ. ગાંધીનગરની મધ્યમાં આવેલ મહાત્મા મંદિરની સામે આવેલ ગ્લોબલ બગીચો એટલે સેન્ટ્રલ વિસ્ટામાં રાખવામાં આવેલ હતુ.

જેમાં સમાજના પરિવારના લોકો ખુબજ મોટી સંખ્યામાં હાજર રહી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. ગાંધીનગરમાં છેલ્લા ત્રણ-ચાર વરસમાં ઘણાં નવા પરિવાર રહેવા આવેલ છે. તો પ્રથમ બધા લોકોએ પોતપોતાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ પ્રવિણભાઈ યાદવ અને પ્રણવભાઈ ચૌહાણ સાથે રહી હૌઝીની ગેમ રમાડવામાં આવેલ, પછી લીંબુ ચમચીની ગેમ બાળકો, બહેનો અને ભાઈઓ એમ ત્રણ કેટેગરીમાં રમાડવામાં આવેલ હતી અને ત્રણે કેટેગરીમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય વિજેતાઓને ઈનામ આપવામાં આવેલ હતા.